For live updates : Like /Gujaratmitra | Follow /Gujaratmitra | /Gujaratmitr | Subscribe /Gujaratmitra | /Gujaratmitra | www.gujaratmitra.in



(તસવીર : હેમંત ડેરે)









(તસવીર : સતીષ જાદવ)

### 350 ડ્રોનની મદદથી આકાશમાં શ્રીરામની પ્રતિકૃતિ રચાઈ

અડાજણમાં પ્રાઇમ આર્કેડ પાસે ભગવાન રામની 16 ફૂટ ઊંચી પ્રતિમાને આવકારવા માટે નીકળેલી શોભાયાત્રામાં હજારો લોકો જોડાયા હતા અને રામને રંગે રંગાયા હતા. આકર્ષક રોશની તેમજ મોટો ભંડારો યોજાયો હતો. તો બીજી તરફ લગાડવામાં આવી હતી તેમજ પાલમાં 350 ડ્રોનની મદદથી આકાશમાં રામના જીવન ચરિત્રનો શો યોજવામાં આવ્યો હતો. 30 મિનિટ સુધી ચાલેલા આ ડ્રોન શોમાં સીતા માતાની છબિ અને નંબર વન સુરત લખવામાં આવ્યું હતું.

# અદ્વિતિય, અકલ્પનિય ઉજવણી | પ્રભુ શ્રીરામ | સુરતનું જલ, થલ અને નભ રામમય બન્યું

## અયોધ્યામાં પ્રાણપ્રતિષ્ઠા થતાં લોકોએ મોં મીઠા કરી ફટાકડા ફોડ્યા, યુવાધન ગરબે ઘૂમ્યું

સુરતઃ 500 વર્ષની રાહ જોયા બાદ આખરે અયોધ્યામાં ભગવાન રામની મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા થઇ છે. આ અવસરને વધાવવા માટે આખા દેશમાં રામભક્તિનું ઘોડાપૂર આવ્યું છે. ત્યારે સુરત શહેર પણ જાણે અયોધ્યા બની ગયું હોય તેવો માહોલ જોવા મળી રહ્યો છે. ઠેર ઠેર રંગોળી, રોશની, ઢોલ-નગારાં, સમૂહપ્રસાદના કાર્યક્રમો સાથે શહેર હિલોળે ચડ્યું હતું.

અયોધ્યા રામ મંદિરમાં ભગવાનની પ્રાણપ્રતિષ્ઠાની સાથે સુરતીલાલાઓમાં ઉત્સાહનો માહોલ સર્જાયો હતો. લોકો ફટાકડા ફોડી અને એકાબીજાને મોં મીઠું કરાવી ગરબે રમવા લાગ્યા હતા. રામ મહોત્સવને લઈ શહેરમાં અનેક સ્થળો પર લાઈવ પ્રસારણનું આયોજન કરવામાં આવ્યું હતું. જો કે, મહા ઉત્સવને લઈ સવારથી શહેરમાં શોભાયાત્રા, સુંદરકાંડ, હવન અને ડાયરાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. શહેરના વિવિધ વિસ્તારોમાં વહેલી સવારથી જ ભવ્ય શોભાયાત્રાઓનું આયોજન કરવામાં આવ્યું હતું. આખું સુરત શહેર રામમય જોવા મળ્યું હતું. લોકોમાં દિવાળી કરતાં આજે બેવડો ઉત્સાહ હોય તેવો અનેરો આનંદ ચહેરા પર જોવા મળ્યો હતો. રાત્રે શહેર રોશનીથી ઝળહળી ઊઠ્યું હતું. લોકોએ ઘરે ઘરે દિવાળીની જેમ તોરણ બાંધી, રંગોળી પૂરી, ફટાકડા ફોડી ઉત્સવની જેમ આ અવસર ઊજવ્યો હતો. શહેરમાં સોસાયટી, મહોલ્લા સમાજની વાડીઓ વગેરે

...અનુસંધાન પાના 2 પર

## રામલલ્લાના મસ્તકે સુરતીએ ભેટ ધરેલો રત્નજડિત સોનાનો 11 કરોડનો મુગટ શોભશે

**અંદાજિત** કિંમત રૂ.11 કરોડ, કુલ વજન 6 કિલો, સોનુ 4 કિલો અને હીરા, માણેક, મોતી, નિલમ વગેરે રત્નો જડાયા છે

**ગ્રીન** લેબ ડાયમંડ કંપનીના માલિક મુકેશ પટેલે પ્રાણ-પ્રતિષ્ઠાની પૂર્વ સંધ્યાએ જ મુગટ અર્પણ કર્યો હતો



સુરતઃ વિશ્વભરમાં હલચલ જગાડનાર અયોધ્યા રામલલ્લાના મંદિરની પ્રાણ પ્રતિષ્ઠા સમારોહની પૂર્વ સંધ્યાએ સુરતના જાણીતા ઉદ્યોગપતિ ગ્રીન લેબ ડાયમંડ કંપનીના માલિક મુકેશ પટેલે અયોધ્યા સ્થિત મુખ્ય મંદિરના ગર્ભગૃહમાં શ્રી રામજન્મભૂમિ તીર્થ ટ્રસ્ટના ટ્રસ્ટીઓને ભગવાન શ્રી રામલલ્લા માટે તૈયાર કરવામાં આવેલો સોના અને આભુષણોથી મઢેલો મુગટ અર્પણ કર્યો હતો.

વિશ્વ હિન્દુ પરિષદના રાષ્ટ્રીય ખજાનચી દિનેશ નાવડીયાએ ગ્રીન લેબ ડાયમંડ કંપનીના મુકેશભાઇ પટેલને અયોધ્યાના વિશ્વપ્રસિદ્ધ નવનિર્મિત મંદિરમાં બિરાજમાન થનારા ભગવાન શ્રી રામ માટે આભૂષણ અર્પણ કરવાની વિચારણા કરવા માટે કહ્યું હતું. જેને પગલે ગ્રીન લેબ ડાયમંડ કંપનીના મુકેશ પટેલે પોતાના પરિવારજનો અને કંપનીમાં પરામર્શ કરીને નક્કી કર્યું કે ભગવાન શ્રી રામ માટે

...અનુસંધાન પાના 2 પર

## પ્રાણપ્રતિષ્ઠાના દિવસે સુરતમાં અનેક રામલલ્લાનું આગમન



સોમવાર ભારત માટે ખૂબ જ પાવન દિવસ હતો અને આ દિવસે પાંચ શ્રેષ્ઠ મુહુર્ત પણ હતા આ શુભ દિવસે સુરતમાં અનેક અનેક બાળકોએ ધરતી પર જન્મ લીધો છે. સુરતનીw ડાયમંડ હોસ્પિટલમાં આજના પાવન દિવસે 36 બાળકોએ જન્મ લીધો હતો જે પૈકી કેટલાક રામલલા હતા. આ ઉપરાંત સિવિલમાં 28 બાળકોએ જન્મ લીધો હતો જે પૈકી 16 રામલલા હતા જ્યારે 12 બાળકી જન્મી હતી જ્યારે સ્મીમેરમાં કુલ 13 બાળકો અવતર્યા હતા જેમાંથી 9 બાળકી છે જ્યારે 4 રામલલા છે.

શિકારીનો 'સોદાગર'

## બે વર્ષથી ઘરમાં પાળેલો દીપડો વેચવા નીકળ્યો

**દીપડો** વેચવા માટે ફરતા સ્વયંસેવી સંસ્થાએ વનવિભાગ સાથે મળી રેઇડ પાડી



ભરૂચઃ ઝઘડિયા પંથકમાં બે વર્ષનો દીપડો વેચવા માટે ફરતા એક શખ્સને દીપડા સાથે ઝડપી પાડ્યો હતો. તેમજ પ્રતિબંધિત કાચબો, પોપટ, ઘૂવડ, સાહુડી, આંધળી ચાકર જેવાં પશુ-પક્ષીઓને ગેરકાયદે વેપલાને પકડવાનું ગુજરાત પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થા તથા મુંબઈસ્થિત WCCBની ટીમે વન વિભાગને સાથે રાખીને ગુપ્ત ઓપરેશન પાર પાડ્યું હતું.

ગુજરાત અને મહારાષ્ટ્રમાં છેલ્લા અઢી મહિનામાં પાડવામાં આવેલા દરોડામાં 26 આરોપીની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે એક ફરાર થઈ ગયો હતો. ગુજરાત પ્રાણી ક્રૂરતા નિવારણ સંસ્થા તથા મુંબઈસ્થિત WCCBડની ટીમે ગુજરાત અને મહારાષ્ટ્ર વન વિભાગની ટીમને સાથે રાખીને છેલ્લા અઢી મહિનામાં અનેક સ્થળોએ દરોડા પાડ્યાં હતાં. કપડવંજ, ભરૂચ જિલ્લાના ઝઘડિયા, વલસાડ, ધરમપુર, વાંસદા, ચીખલી, કપરાડા, રાજકોટ, અમદાવાદ, મહારાષ્ટ્રના નાસીક, ત્રંબકેશ્વર નજીક દરોડા પાડીને વન્યજીવ સાવચેતક પ્રમાણે બચાવી લેવામાં આવ્યાં છે. પ્રતિબંધિત વન્યજીવોનું વેચાણ માટે ફરતા આવા 26 જેટલી વ્યક્તિની ધરપકડ કરવામાં આવી છે. જ્યારે એક ફરાર થઈ હોવાનું જાણવા મળે છે.

આ અંગે GSPCAના રાજ ભાવસારના જણાવ્યા અનુસાર મળી આવેલા પ્રતિબંધિત પશુ-પક્ષીઓમાં કપડવંજ ખાતેથી 59 સ્ટાર કાચબા, ભરૂચ જિલ્લાના ઝઘડિયા ખાતેથી દીપડાનું બે વર્ષનું બચ્ચું, અમદાવાદ ખાતેથી ૧૨૪ નંગ પોપટ, ધરમપુર ખાતેથી ઈન્ડિયન ઈગલ આઉલ (ઘૂવડ), નાસીકના સુરગાણા ખાતેથી એક સાહુડી, નાસીકના ત્રંબકેશ્વર ખાતેથી હાથજોડી નંગ ૩૪, ઈન્દ્રજાળ 95 નંગ, મહારાષ્ટ્રના શાહદા, તલોદા રેન્જ ઈન્દ્રજાળ ફ્રેમ સાથે ૮ નંગ, ચીખલી ૧ નંગ બાન આઉલ (ઘૂવડ), વાંસદા ખાતેથી ૨ નંગ સાબર સીંગ, કપરાળા ખાતે દીવડાનું ચામડું તથા દીવડાના પંજા નંગ-૪, રાજકોટ ખાતેથી આંધળી ચાકર મળી આવી હતી.

ઝઘડિયા પંથકમાં દીપડાના બચ્ચાની સાથે રહેતો ઈસમ છેલ્લા કેટલાક સમયથી તેને વેચવા માટે ફરતો હતો. દીપડાના બચ્ચાને તેણે ઘરમાં રાખ્યું હતું તેને સારી રીતે રાખતો પણ હતો. આ બચ્ચું લગભગ બે વર્ષનું હતું. ઝડપાયેલા તમામ 26ની સામે વનવિભાગ દ્વારા ગુનો દાખલ કરવામાં આવ્યો છે. અદાલતે તમામનાં જામીન નામંજૂર કરીને જ્યુડિશિયલ કસ્ટડીમાં મોકલી આપ્યા છે.

સુરતમાં ઇન્ટરનેશનલ કનેક્ટિવિટી અને હોસ્પિટાલિટીના અભાવે

## ડાયમંડ બુર્સની ચમક ધૂંધળી બનવાના અણસાર

**મુંબઈ** આવતા વિદેશી બાયર્સ ટ્રેનના પ્રવાસથી કંટાળે છે, કિરણ જેમ્સનાં કર્મચારીઓ મુંબઈ પરત ફરશે

**બુર્સ** કમિટીના સભ્યોએ જ ઓફિસ શરુ નહિ કરતા વલ્લભભાઈ લાખાણીનો હૃદય ભંગ થયાની ચર્ચા

સુરતઃ મુંબઈથી 17000 કરોડનો વેપાર સમેટી સુરત ડાયમંડ બુર્સમાં વેપાર શિફ્ટ કરનાર કિરણ જેમ્સનાં વલ્લભભાઈ લાખાણીને બુર્સ કમિટીના સભ્યોએ જ સાથ નહિ આપતા વલ્લભભાઈનો હૃદય ભંગ થયાની ચર્ચાઓ ઉપડી છે. મુંબઈથી કામકાજ બંધ કરી સુરતમાં શરૂ કરવા એકપણ કંપની આગળ નહિ આવતા કિરણ જેમ્સના 1000 કર્મચારીઓ ટૂંક સમયમાં મુંબઈ પરત થશે. મોટી ડાયમંડ કંપનીઓની નવી પેઢીના સભ્યોને સુરતમાં ફાવતું નથી, તેઓને મુંબઈનું મેટ્રોપોલિટન કલ્ચર છોડવું નથી, એને લીધે પણ ઝઘડાઓ થયા હોવાનું સૂત્રો જણાવી રહ્યાં છે. બીજી તરફ સરકારે આપેલા વચનો પણ પૂર્ણ કરવામાં આવ્યા નથી. ડોમેસ્ટિક અને ઈન્ટરનેશનલ કનેક્ટિવિટી અને હોસ્પિટાલિટીનાં વચનો પૂર્ણ ન થાય તો ડાયમંડ બુર્સ તેની ચમક ગુમાવશે એવો ભય ઊભો થયો છે. જાણકારો કહે છે કે, મુંબઈ આવતા વિદેશી

...અનુસંધાન પાના 2 પર

### બુર્સની મેનેજમેન્ટ કમિટીના ચેરમેન નાગજી સાકરિયાના રાજીનામાથી બીજી કંપનીઓ મુંબઈથી શિફ્ટ થતી અટકી

જેમ્સ એન્ડ જ્વેલરી એક્સપોર્ટ પ્રમોશન કાઉન્સિલ (GJEPC)ના એક અગ્રણીએ નામ જાહેર ન કરવાની શરતે જણાવ્યું હતું કે, કિરણ જેમ્સ દ્વારા "ભારત ડાયમંડ બુર્સમાં તેની ઓફિસ બંધ કરીને સુરતમાં બેઝ શિફ્ટ કરવાનો નિર્ણય લાગણીમાં આવી લેવાયેલો નિર્ણય હતો. વિદેશી બાયરોને મુંબઈ જે આપી શકે, એ સુરત આપી શકે એમ નથી. મુંબઈથી સુરત જવા કોઈ ફ્લાઇટ નથી. જે દેશોમાં હીરા, ઝવેરાતનો વેપાર છે ત્યાં જવાની વિકલી ફ્લાઇટનાં ઠેકાણા નથી. વિદેશમાં જવા બધો વેપાર વાયા દુબઈ કે શારજાહ થઈ કરવો ખૂબ ખર્ચાળ છે, જ્યારે મુંબઈથી જવું આવવું સરળ છે. સૂત્રોના જણાવ્યા મુજબ ડાયમંડ

...અનુસંધાન પાના 2 પર

રૂપિયા સારૂ થયા પછી
વધતી ઉંમરે કમજોરી, વિવાહીત જીવનમાં નિરાશા, ટાઈમીંગમાં કમી, શિઘ્રપતન, નિઃસંતાન, સુગર, બી.પી.થી આવેલી કમજોરી, વિવાહીત જીવનમાં આવેલી કમજોરી, શુક્રાણુની કંકરતા, સ્વપ્નદોષ, નપુસંકતા, વિગેરે
વિશેષ આયુર્વેદિક પદ્ધતિથી દુર કરો અને મન જેવો સંબંધ આજે જ પ્રાપ્ત કરો
સંજીવની આયુર્વેદિક
LG-18, SAR કોર્પોરેટ સેન્ટર, શાસ્ત્રીનગર કોર્નર પાસે, કિષ્ના પેટ્રોલ પંપની નજીક, ઉધના દરવાજા, સુરત
Mo : 79845 55202

સાતમી પુણ્યતિથિએ ભાવભીની શ્રદ્ધાંજલિ



સ્વ. કાશીબેન
મણિલાલ પટેલ
સ્વ. તા. ૨૩/૦૧/૨૦૧૭

મનુષ્ય જન્મથી નહીં પણ કર્મથી ઓળખાય છે,
એટલે જ તો મરણ કરતાં સસ્મરણ વધુ યાદગાર બને છે.
જેમાં આપની સ્મૃતિ એક વરદાન છે.
તમે ગયા પણ તમારી યાદ હજુ જીવંત છે.
પ્રભુ આપના આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.

લિ.
કાંતિભાઈ મણિલાલ પટેલ — સુધાબેન કે. પટેલ
કિશોરભાઈ મણિલાલ પટેલ — ભગવતીબેન કે. પટેલ
કિરીટભાઈ મણિલાલ પટેલ — કલાવતીબેન કે. પટેલ
જયેશભાઈ મણિલાલ પટેલ — દિવ્યાબેન જે. પટેલ
સ્મિત, દર્શક, કેયુર, નિરવ, દેવર્ષ
હિયા, દેવ્ય, હયાન, જીયાંશી
ગામઃ- પારડી ઝાંખરી, પો.કરંજ, તા. ઓલપાડ, જિ.સુરત

અવસાન, બેસણું, શ્રધ્ધાંજલી, શોકસભા, રસમ પઘડી, ઈન્તેકાલ, પ્રાર્થનાસભા
ફીક્સ્ડ સાઈઝ ૫×૨ અથવા ૧૦×૧

| છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|
| ₹૧૮૦૦/- | ₹૧૫૦૦/- | ₹૨૫૦૦/- |

| ફીક્સ્ડ સાઈઝ ૧૦×૨ | છેલ્લા પાને | અંદરના પાને | છેલ્લા પાને કલર |
|---|---|---|---|
| | ₹ ૪૫૦૦/- | ₹ ૩૦૦૦/- | ₹ ૫૨૦૦/- |

(+GST EXTRA)
ગુજરાતમિત્ર
જાહેરાત માટે મળો :
ગુજરાતમિત્ર ભવન, સોની ફળીયા , સુરત.
ફોન : ૨૫૯૯૯૯૧ ફેક્સ : ૨૫૯૯૯૯૦

॥ દુઃખદ અવસાન-બેસણું ॥



સ્વ. જયાબેન ગોવિંદજી પટેલ(ઉ.વ.૧૦૨)
સ્વ.તા. ૨૧/૦૧/૨૦૨૪
દિલગીરી સાથે જણાવવાનું કે, અમારા
માતૃશ્રી જયાબેન ગોવિંદજી પટેલ નું તા.૨૧/૦૧/૨૦૨૪ ને રવિવારના રોજ
દુઃખદ અવસાન થયેલ છે. પ્રભુ સદ્ગતના દિવ્ય આત્માને શાંતિ અર્પે એજ પ્રાર્થના.
સદ્ગતનું બેસણું તા. ૨૪/૦૧/૨૦૨૪ ને બુધવારના રોજ
બપોરે ૪ થી ૫ વાગ્યા સુધી અમારા નિવાસસ્થાને રાખેલ છે.
લિ.
અશોકકુમાર ગોવિંદજી પટેલ
ભુપેન્દ્ર ગોવિંદજી પટેલ
હંસાબેન અરૂણ પટેલ (પુત્રી)
અનસુયા બ્રિજકુમાર પોદાર (પુત્રી)
નિવાસસ્થાન : ગુરૂકૃપા બંગલો, સરગમ શોપિંગ સેન્ટરની સામે, પારલે પોઈન્ટ, સુરત


બીજી પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. સુમનબેન
રમેશભાઈ પટેલ
સ્વ. તા. ૨૩-૦૧-૨૦૨૨
મુ. પો-કરંજ, તા. ઓલપાડ, જી. સુરત.

અમે સ્વર્ગ નથી જોયું, માતા જોઈ છે.
આપના અમૂલ્ય આદર્શો, અથાગ પરિશ્રમ,
સાદગી ભર્યું જીવન તથા સચ્ચાઈ હંમેશા
અમારા પ્રેરણા સ્ત્રોત રહ્યાં છે અને રહેશે.
આપની ચીર વિદાયને આજે બે વર્ષ પુરા થયા છે
ત્યારે પ્રભુ આપના દિવ્યઆત્માને પરમ શાંતિ અર્પે
એજ પરિવારની પ્રાર્થના...
લિ.
રમેશભાઈ લક્ષ્મણભાઈ પટેલ
રમણભાઈ લક્ષ્મણભાઈ પટેલ
તથા સમસ્ત પરિવાર

પ્રથમ પુણ્યતિથિએ શ્રધ્ધાંજલિ



સ્વ. મોહનભાઈ
નગીનભાઈ પટેલ
સ્વ.તા.
૨૩-૦૧-૨૦૨૩

ના માંગતા બધું આપ્યું તમે, ના કહેતા બધું કર્યું છે તમે,
અમારામાં પ્રેમ અને સંસ્કારનું સિંચન કર્યું છે તમે,
કદી પિતાના રૂપે તો કદી મિત્ર સ્વરૂપે,
તમારો હાથ અમારી ઉપર છે. સદા આશીર્વાદ રૂપે,
પ્રભુ આપના દિવ્ય આત્મા ને શાંતિ અર્પે
એ જ પ્રાર્થના.
લિ.
હેમંત મોહનભાઈ પટેલ (પુત્ર)
જયેશ મોહનભાઈ પટેલ (પુત્ર)
તથા સહ પરિવાર